# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન,જી.પી.ઓ.ની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન નં. (૦૭૯) ૨૩૨૫૯૧૮૩, ફેક્સ નં. ૨૩૨૫૯૦૪૦, ૨૩૨૫૨૩૨૮ E-mail :dc-collector-gnr@gujarat.gov.in


નં.ડીસી/જાહેરનામું/વશી. ૭૯૦૦ થી ૭૯૨૯ /૨૦૨૪ તા.૧૭/૦૮/૨૦૨૪

## વંચાણમાં લીધુ :-

(૧) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ ના તા.૧૩/૦૮/૨૦૨૪ ના પત્ર ક્રમાંક GMRC/PHASE-II/Pkg.C3/Police/2024/577

(૨) પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગરનાઓના તા.૧૬/૦૮/૨૦૨૪ ના પત્ર ક્રમાંક એલ.આઇ.બી./વહટ/રોડ ડાયવર્ઝન/૪૬૦૨/૨૦૨૪

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)

## મુજબનું જાહેરનામું

સી.જી.એમ.શ્રી(સીવિલ)/સી૩,ગાંધીનગર ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ ના આમુખ-(૧) ના પત્ર માં જણાવ્યાનુસાર ગુજરાત મેટ્રો રેલ પ્રોજેકટની કામગીરી ચાલુમાં હોઇ ચ-૩ સર્કલથી મહાત્મા મંદિર (P13/29 to P13/31) સુધી સ્ટીલની ગડર અને ડેક સ્લેબ વર્કસની કામગીરી દરમિયાન ટ્રાફિકના સુચારૂ પ્રવાહ માટે પર્યાપ્ત ટ્રાફિક માર્શલ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવશે તેમ જણાવેલ છે. આ સંદર્ભમાં જરૂરી પરવાનગી આપવા રજૂઆત કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગરના આમુખ-(૨) ના પત્રમાં જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લાના ટ્રાફિક પોલીસ સ્ટેશન તથા સેકટર-૭ પોલીસ સ્ટેશન દ્વારા ચકાસણી કરવામાં આવતાં અભિપ્રાયની નકલમાં જણાવેલ તમામ શરતોને આધીન રહી,વૈકલ્પિક માર્ગો ઉપર,ઉપરોક્ત સમયગાળા દરમિયાન બાંધકામ સારૂ ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવે તો વાંધા સરખું નથી તેમ અભિપ્રાય આપેલ છે.

આમ, ઉક્ત વિગતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂં જાહેર હિતમાં હું **દિગંત બ્રહ્મભટ્ટ** (જી.એ.એસ.) **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ગાંધીનગર** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે **તા.૧૮/૦૮/૨૦૨૪ સવારના કલાક ૦૬:૦૦ થી તા.૧૭/૦૯/૨૦૨૪ ના રાત્રિના કલાક ૨૪/૦૦** સુધી નીચે જણાવેલ રસ્તા પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર જિલ્લો)

**જાહેર જનતા તથા વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ તમામ વાહનો વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા**

### :પ્રતિબંધીત રૂટ-૧:

- સેકટર ૭/૮ ના કટથી ચ-૩ સર્કલ તરફ જતો રોડ તમામ વાહન વ્યવહાર માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

### :વૈકલ્પિક માર્ગ-૧:

- ચ-૦ સર્કલથી ચ-૩ તરફ જતા વાહન વાહન ચાલકો સેકટર ૭/૮ ના કટથી ડાબી બાજુ વાળી સેકટર-૭ માં પ્રવેશ કરી સીધા સેકટર ૬/૭ ના કટથી બહાર નીકળી ઘ-રોડ પર પ્રવેશ કરી શકશે. તથા સેકટર-૭ માં પ્રવેશ કરી થોડા આગળ જઇ જમણી બાજુ વળી રીંગ રોડ થઇ જે.એમ.ચૌધરી સ્કૂલ થઇ રોડ નં.૩ પર પ્રવેશ કરી ઘ-રોડ તથા ચ-રોડ પર પ્રવેશ કરી શકાશે.
- સેકટર-૮ માં પ્રવેશ કરી સીધા થોડા આગળ જઇ રીંગરોડ પર થઇ જ-રોડ પર પ્રવેશ કરી શકશે.

## :પ્રતિબંધીત રૂટ-૨:

- ચ-૩ સર્કલ થી ચ-૨ સર્કલ તરફ જતો રોડ તમામ વાહન વ્યવહાર માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે

## :વૈકલ્પિક માર્ગ-૨:

- ચ-રોડ પરથી વાહનો સેકટર-૧૧ પેટ્રોલ પંપના કટથી જમણી બાજુ વળી સેકટર-૧૧ માં પ્રવેશ કરી થોડા આગળ જઇ સ્કાયલાઇન બિલ્ડીંગ થઇ ડાબી બાજુ વળી રોડ નં.૩ પર પ્રવેશ કરી સેકટર-૭ માં પ્રવેશ કરી સેકટર ૭/૮ ના કટથી ચ-રોડ પર તથા ઘ-૩ સર્કલ થઇ ઘ-રોડ પર પ્રવેશ કરી શકશે.

**તકેદારીના ભાગરૂપે નીચે મુજબની વ્યવસ્થા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કરવાની રહેશે.**

૧. સદર કામગીરી દરમિયાન ડાયવર્ઝનવાળી જગ્યાએ ટ્રાફિક માર્શલ હાજર રખાવી ટ્રાફિક નિયમન/માર્ગદર્શન આપવાનું રહેશે.

૨. સદર કામગીરી દરમિયાન કોઇ દુર્ઘટના ન બને તથા ટ્રાફિક અવ્યવસ્થા ન સર્જાય તેની સતત કાળજી લેવાની રહેશે.

૩. સદર કામગીરી દરમિયાન રાત્રિના સમયે દેખાય તે રીતેના ડાયવર્ઝન અંગેના જરૂરી સાઇનેઝીંગ બોર્ડ તેમજ બેરકેટીંગ લગાડવાની રહેશે.

૪. સદર કામગીરી દરમિયાન કોઇ વી.વી.આઇ.પી. મુવમેન્ટ કે અન્ય કારણોસર રસ્તો ખુલ્લો કરવાનો થાય તો પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગર અથવા ફરજ પરના પોલીસ અમલદાર તરફથી વખતોવખત કોઇ સૂચના આપવામાં આવે તો તેનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિધ્ધ કરવાનો રહેશે.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૧૭/૦૮/૨૦૨૪ ના રોજ મારા સહી સિકકા કરી આપ્યો.

**(દિગંત બ્રહ્મભટ્ટ)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**ગાંધીનગર**

પ્રતિ,

વ્યવસ્થાપકશ્રી,

સરકારી મધ્યસ્થ પ્રેસ, સેકટર-૩૦,

ગાંધીનગર

**નકલ જયભારત સહ રવાના :-**

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી,ગાંધીનગર
- પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર
- સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગર ડીવીઝન જી.ગાંધીનગર
- એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર

d:\jahernamu\road close\metro road close_22-07-2024.docx

- કાર્યપાલક ઇજનેરશ્રી,પાટનગર યોજના વિભાગ-૩,ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી,ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ,ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, ન્યાય મંદિર, સેકટર-૧૧,ગાંધીનગર કલોલ/દહેગામ/માણસા
- જિલ્લા સરકારી વકીલશ્રી, ન્યાય મંદિર, સેકટર-૧૧, ગાંધીનગર
- આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરશ્રી,જે.એમ.એફ.સી.કોર્ટ,ગાંધીનગર/માણસા/દહેગામ/કલોલ
- ડી.આઈ.ઓ.શ્રી,એન.આઈ.સી.ગાંધીનગર તરફ અત્રેની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધિનો અહેવાલ મોકલી આપવા સારૂ
- નાયબ માહિતી નિયામકશ્રી, ગાંધીનગર તરફ

૨/- ઉપર્યુકત જાહેરનામાની અગ્રગણ્ય દૈનિક સમાચારપત્રોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરાવવા સારૂ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગાંધીનગર જિલ્લો